RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૨૦,૫૩૬તા.૨૯–૧૨–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મોહનભાઈ ગલાભાઈ ચારણીયા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મોહનભાઈ ગલાભાઈ ચારણીયાની તા. ૧૮–૧૧–૧૧ની અરજીથી પ્લોટ નં.એ/૧૬, મણીબાનગર સોસા., અનાથ બાળાશ્રમની પાછળ કતારગામ, રોડ ની મિલ્કતના વર્ષ– ૧૯૯૯–૨૦૦૦ અને વર્ષ–૨૦૦૧–૨૦૦૨ની તુમાર કોપીની નકલો આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૯–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૫૨૦,૫૩૬/૨૦૧૧–૧૨

શ્રી મોહનભાઈ ગલાભાઈ ચારણીયાની તા. ૧૮–૧૧–૧૧ની અરજીથી પ્લોટ નં.એ/૧૬, મણીબાનગર સોસા., અનાથ બાળાશ્રમની પાછળ કતારગામ, રોડ ની મિલ્કતના વર્ષ– ૧૯૯૯–૨૦૦૦ અને વર્ષ–૨૦૦૧–૨૦૦૨ની તુમાર કોપીની નકલો આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)ના પત્ર નં. એન.ઝેડ/એ.આર.ડી/૬૩૩ તા.૧૭–૧૨–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૯–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા આકારણી રજીસ્ટરે, નિર્દિષ્ટ સમયગાળાની, ફેરફારની નોંધની નકલો તથા દફતર નાશ–નિકાલ અંગે મંજુરીની હકીકત નકલ સહ મોકલવા તેમજ વધુમાં આકારણી રજીસ્ટર આધારે કોઈ માહિતી આપી શકાય તેમ છે કે કેમ? તે પણ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૩૫ તા.૧૦–૧–૧૨ ના પત્રથી** એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ પણ નારાજગી ના કિસ્સામાં આધાર સહ રજૂઆત કરવા **તથા અપીલ નં.૫૩૬ અંગે પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૭૫ તા.૧૩–૧–૧૨ થી** એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૭૫૩ તા.૨૦–૧–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, ટેના નં.૧૯જી/૫૯–૧૦૩૧–૦–૦૦૧ તા.૭–૪–૧૧ ના રોજ ટેક્ષ ભર્યાની રસીદની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એન.ઝેડ/એઆરડી/આ.નં.૬૩૩ તા.૧૭–૧૨–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી અત્રે કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા. ૧૮–૧૧–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કતારગામઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/ એઆરડી/૬૩૩ તા.૧૭–૧૨–૧૧ થી પ્લોટ નં.એ/૧૬, મણીબાનગર સોસા., અનાથ બાળાશ્રમની પાછળ કતારગામ, રોડ ની મિલ્કતના વર્ષ– ૧૯૯૯–૨૦૦૦ અને વર્ષ–૨૦૦૧–૨૦૦૨ની તુમારની

કતારગામઝોનના વોર્ડ ફિલ્ડબુક કલાર્ક/સર્વેયરના તા.૧૩–૧૪/૧૧–૨૦૧૧ ના રીપોર્ટ મુજબ કતારગામઝોનનો રેકર્ડ તપાસતાં મળી શકેલ નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૯–૧૨–૧૧ ના રોજ કાર્યપાલક ઈજનેર કતારગામઝોનને કરેલ અપીલ સંદર્ભે અપીલ નં.૫૨૦ થી નોંધાયેલ. જયારે અરજદારે ડે.કમિ.(સ્પે) અને અપીલ અધિકારીને સદર અપીલની નકલથી અરજી કરેલ જે અત્રે એસએમસી / એફએપી/૫૩૬ થી નોંધાયેલ છે. આથી બંને અપીલોનું જોડાણ કરવામાં આવેલ છે.

અરજદારે અપીલમાં ડાહીબેન ગલાભાઈ ચારણીયાનું નામ સરકારી રેકર્ડ પર કઈ રીતે આવ્યું તેની વિગત માંગવામાં આવેલ છે. અત્રે રજૂ કરેલ મ્યુ. ટેક્ષ. ભર્યાની રસીદમાં પ્રથમ કરપાત્ર વ્યકિત તરીકે દોલતરાય ભગવાનજી નું નામ જણાય છે. જયારે તેના કબ્જેદારમાં ડાહીબેન ગલાભાઈ ચારણીયા નું નામ દાખલ થયેલ છે. તે કયા આધારે દાખલ કરવામાં આવેલ તે અંગે તુમારના રેકર્ડ મળતા ન હોય તો આનુષાંગિક રેકર્ડ એસેસમેન્ટ રજીસ્ટર કે ફિલ્ડબુક રજીસ્ ટર કે ડીમાન્ડ રજીસ્ટરના ના જો કોઈ રેકર્ડ હોય તો તેના આધારે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પાડવાની રહે. અન્યથા તુમારના દફતરના નાશ નિકાલ અંગે મંજુરીની હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પાડવાની રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૮–૧૧–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી આકારણી અને વેરા વસુલાત રજીસ્ ટરે નિર્દિષ્ટ સમયગાળાના ફેરફારની નોંધની નકલો, તુમારની નકલ તથા દફતરના નાશ નિકાલ અંગે મંજુરીની હકીકતની નકલ બાબતે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી મોહનભાઈ ગલાભાઈ ચારણીયા,